# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/338 Dt. 18/02/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ગુજરાત બજેટથી સુરતના ઉદ્યોગોને મળશે નવી દિશાઃ ચેમ્બર ઓફ કોમર્સ

### ટેક્ષ્ટાઇલ ક્ષેત્ર અને નિકાસને પ્રોત્સાહન આપતું ગુજરાત બજેટઃ ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રાજ્ય સરકાર દ્વારા આજરોજ રજૂ કરાયેલા ગુજરાત બજેટને વ્યાપાર અને ઉદ્યોગલક્ષી ગણાવી તેને આવકારવામાં આવ્યું છે. બજેટમાં રાજ્યના ઉદ્યોગો, નિકાસ અને ખાસ કરીને ટેક્ષ્ટાઇલ ક્ષેત્રના વિકાસ માટે લેવામાં આવેલા પગલાંઓને ચેમ્બરે સકારાત્મક અને દીર્ઘદૃષ્ટિવાળા ગણાવ્યા છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, બજેટમાં ટેક્ષ્ટાઇલ સ્કીમ હેઠળ ગયા વર્ષે ફાળવવામાં આવેલા રૂપિયા ૨,૦૦૦ કરોડની સામે આ વર્ષે રૂપિયા ૨,૭૭૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે, આથી ટેક્ષ્ટાઇલ ઉદ્યોગના વ્યાપક વિકાસ માટે આ જાહેરાત મહત્વપૂર્ણ છે. તેમણે ઉમેર્યું હતું કે, દેશમાં ટેક્ષ્ટાઇલના સૌથી વધુ એકમો સુરતમાં છે અને અહીં ફાઈબરથી લઈને ફિનિશ્ડ ફેબ્રિક સુધીની સંપૂર્ણ વેલ્યુ ચેઇન ઉપલબ્ધ હોવાથી સુરતને દેશનું અગ્રણી ટેક્ષ્ટાઇલ હબ ગણવામાં આવે છે.

આથી ટેક્ષ્ટાઇલ સ્કીમ હેઠળ કરાયેલી જાહેરાતોનો સૌથી વધુ સીધો લાભ સુરતના ઉદ્યોગોને મળશે. આધુનિક મશીનરી, ટેકનોલોજી અપગ્રેડેશન, ઉત્પાદન ક્ષમતામાં વધારો અને નિકાસ વૃદ્ધિ માટે સરકારના પગલાં સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગને નવી ગતિ આપશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ યોજનાઓનું ઝડપી

અમલીકરણ થશે, જેના પરિણામે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વધુ વેગ મળશે અને રોજગાર સર્જનમાં પણ વધારો થશે.

રાજ્ય સરકારે ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલ સ્થાપવાની જાહેરાત કરી છે, જે રાજ્યના નિકાસકારો માટે મહત્વપૂર્ણ સાબિત થશે. આ કાઉન્સીલ દ્વારા નિકાસકારોને તાલીમ, માર્કેટ ઈન્ટેલિજન્સ, આંતરરાષ્ટ્રીય બજારો અંગે માર્ગદર્શન, નીતિ સહાય અને બ્રાન્ડિંગ સપોર્ટ મળશે. સાથે જ વૈશ્વિક વેપારની બદલાતી પરિસ્થિતિઓમાં ગુજરાતના ઉત્પાદકો અને નિકાસકારોને સ્પર્ધાત્મક બનવામાં મદદ મળશે. સરકારનો મુખ્ય હેતુ રાજ્યમાંથી નિકાસ પ્રક્રિયાને વધુ સરળ, ઝડપી અને વ્યવસ્થિત બનાવવાનો તથા ઉદ્યોગોને નવા આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચાડવાનો છે.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા નિકાસ પ્રોત્સાહન, ઉદ્યોગસહાયક માળખું, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૈશ્વિક બજારો સાથે જોડાણ વધારવા માટે લેવામાં આવેલા નિર્ણયો ગુજરાતને દેશના સૌથી અગ્રણી ઔદ્યોગિક અને નિકાસ કેન્દ્ર તરીકે વધુ મજબૂત બનાવશે.

તેમણે જણાવ્યું હતું કે, રાજ્યને વિકાસના નવા ધોરણે આગળ વધારવા છ ઇકોનોમિક રિજનની રચના કરવાની જાહેરાત કરવામાં આવી છે, જેમાં કચ્છ ઇકોનોમિક રિજન, સૌરાષ્ટ્ર ઇકોનોમિક રિજન, કોસ્ટલ સૌરાષ્ટ્ર ઇકોનોમિક રિજન, ઉત્તર ગુજરાત ઇકોનોમિક રિજન, મધ્ય ગુજરાત ઇકોનોમિક રિજન અને સુરત ઇકોનોમિક રિજનનો સમાવેશ થાય છે. આ છ ઇકોનોમિક રિજનના વિકાસ માટે કુલ રૂપિયા ૬,૬૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જેમાંથી રૂપિયા ૧,૦૦૦ કરોડ સુરત ઇકોનોમિક રિજનને ફાળવાશે તો સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાત વિસ્તારમાં ઔદ્યોગિક, ઈન્ફ્રાસ્ટ્રકચર અને રોજગારી વિકાસને નોંધપાત્ર વેગ મળશે.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, નવીનતા અને સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા અમદાવાદ તથા ચાર રિજનલ સેન્ટરો ખાતે આઇ–હબના વિકાસ માટે રૂપિયા ૮૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જેમાં સુરતનો પણ સમાવેશ થાય છે. આ પગલાથી સુરતમાં ટેકનોલોજી આધારિત ઉદ્યોગો અને સ્ટાર્ટઅપ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે.

રાજ્યના બે મુખ્ય આર્થિક કેન્દ્રો અમદાવાદ અને સુરતને સેટેલાઇટ ટાઉન્સ સાથે જોડતી રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (RRTS) સ્થાપવાની મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. આ પ્રોજેકટથી મુસાફરી વધુ ઝડપી અને સુલભ બનશે, ઔદ્યોગિક વિસ્તારો વચ્ચેનો સંપર્ક મજબૂત થશે અને શહેરી વિકાસને નવી ગતિ મળશે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ જણાવ્યું હતું કે, ઉદ્યોગોને વધુ અનુકૂળ વાતાવરણ આપવા બજેટમાં ૨૫ જીઆઇડીસીને સ્માર્ટ જીઆઇડીસી તરીકે વિકસાવવા તથા રૂપિયા ૧,૩૦૦ કરોડના રોકાણ સાથે ૧૨૦ મિની જીઆઇડીસીના અપગ્રેડેશનની જાહેરાત કરવામાં આવી છે. આ પગલાંથી ઇઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વેગ મળશે અને નવા ઉદ્યોગો માટે આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ બનશે.

આરોગ્ય સેવાઓના ક્ષેત્રમાં પણ મહત્વપૂર્ણ પગલું રૂપે અમદાવાદની તુલનામાં સુરતમાં મલ્ટી–સ્પેશ્યાલિટી હોસ્પિટલ સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે, જેનાથી દક્ષિણ ગુજરાતના નાગરિકોને આધુનિક અને ઉચ્ચ સ્તરની આરોગ્ય સેવાઓ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ થશે.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ જણાવ્યું હતું કે, આર્થિક માપદંડોની દ્રષ્ટિએ ગુજરાતનું પ્રદર્શન પણ નોંધપાત્ર રહ્યું છે. ગુજરાત રાજ્યનો બેરોજગારી દર માત્ર ૧.૨ ટકા છે, જે રાષ્ટ્રીય સરેરાશની તુલનાએ ઘણો ઓછો છે. ભારતના કુલ જીડીપીમાં ગુજરાતનું યોગદાન વધીને ૮.૩ ટકા થયું છે, જે વર્ષ ૨૦૧૦–૧૧માં ૬.૭ ટકા હતું. આ આંકડાઓ રાજ્યની મજબૂત ઔદ્યોગિક અને આર્થિક પ્રગતિનો સ્પષ્ટ પુરાવો આપે છે.

શહેરી વિકાસને વધુ મજબૂત બનાવવા માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂપિયા ૧૬,૧૧૬ કરોડની ફાળવણી કરાઇ છે, આથી શહેરોમાં માળખાકીય સુવિધાઓ, પરિવહન, પાણી, ગટર અને અન્ય નાગરિક સુવિધાઓના વિકાસને વેગ મળશે.

આવી રીતે સમગ્ર બજેટમાં કરવામાં આવેલી જાહેરાતો રાજ્યના પ્રાદેશિક સંતુલિત વિકાસ, ઔદ્યોગિક વૃદ્ધિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂતી અને રોજગાર સર્જન માટે દિશાસૂચક સાબિત થશે.